# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


**પ્રેસનોટ:- 04** **તા.19-08-2021**

## આજથી કેન્દ્રીય મંત્રીશ્રી મનસુખ માંડવીયાજીની જન આશિર્વાદ યાત્રાનો પ્રારંભ

## 18 ઓગસ્ટ, 2021 ના સાંજે 5 વાગ્યા સુધી, દેશભરમાં 56.36 કરોડ લોકોને કોવિડ સામે રસી આપવામાં આવી છે - શ્રી મનસુખભાઈ માંડવીયા

## આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વમાં બીજી વખત સપષ્ટ બહુમત સાથે જનતાએ આશિર્વાદ આપ્યા - શ્રી મનસુખભાઈ માંડવીયા

## ભારતીય જનતા પાર્ટીની અંદર કોઇ મોટુ નહી કોઇ નાનું નથી- શ્રી મનસુખભાઈ માંડવીયા

## જનતા ના આશિર્વાદ સાથે જનતાની શુભેચ્છા સાથે , જન જનની આકાંક્ષાઓ સાથે આપણે નવા ભારતનું નિર્માણ કરવાનું છે- શ્રી મનસુખભાઈ માંડવીયા

આજથી સૌરાષ્ટ્રમાં કેન્દ્રીય મંત્રીશ્રી મનસુખભાઈ માંડવીયાજીની જન આશિર્વાદ યાત્રાની શરૂઆત થઇ છે. આજે રાજકોટ શહેરથી લઇ ગોંડલ, વિરપુર, ખોડલધામ, જેતપુર, ઉપલેટા, ધોરાજી ખાતે પૂર્ણ થઈ. આજે સવારે રાજકોટ એરપોર્ટ ખાતે પત્રકારોને સંબોધન કર્યુ હતું. કેન્દ્રીય મંત્રીશ્રી મનસુખભાઈ માંડવીયાજી એ જણાવ્યું કે કોરોના કાળમાં સરકારે કરેલ કામીગીરીની માહિતી આપી હતી. દેશમાં કોવિડ રસીકરણનું કામ ખૂબ જ ઝડપથી ચાલી રહ્યું છે અને અમને આશા છે કે આગામી કેટલાક મહિનાઓમાં અમે સંપૂર્ણ રસીકરણનું લક્ષ્ય હાંસલ કરીશું. શ્રી માંડવિયાએ એ પણ જણાવ્યું કે આગામી દિવસોમાં દેશમાં કોવિડ રસીનું ઉત્પાદન અને સંખ્યા બંને વધશે.

કેન્દ્રીય મંત્રીશ્રીએ માહિતી આપી કે 18 ઓગસ્ટ, 2021ના સાંજે 5 વાગ્યા સુધી, દેશભરમાં 56.36 કરોડ લોકોને કોવિડ સામે રસી આપવામાં આવી છે અને ખૂબ જ જલ્દી અમે 60 કરોડ રસીઓના આંકડાને સ્પર્શવા જઈ રહ્યા છીએ. તેમણે કહ્યું કે કેન્દ્ર સરકાર દેશભરમાં COVID-19 રસીકરણનો વ્યાપ વધારવા અને રસીકરણની ગતિને વેગ આપવા માટે પ્રતિબદ્ધ છે.

શ્રી મનસુખ માંડવિયાજીએ કહ્યું કે 16 ઓગસ્ટના રોજ દેશભરમાં 88 લાખથી વધુ રસીકરણ ડોઝ આપવામાં આવ્યા હતા. આ પોતે એક વર્લ્ડ રેકોર્ડ છે. કોઈ પણ દેશે એક દિવસમાં આટલી બધી રસીના

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


ડોઝ લગાવ્યા નથી. એ જ રીતે, 21 જૂને, એક નવો રેકોર્ડ સ્થાપિત થયો જ્યારે તે દિવસે 81 લાખથી વધુ રસી ડોઝ આપવામાં આવ્યા.

**COVID-**19 રસીઓની સાર્વત્રિક ઉપલબ્ધતાનો નવો રાઉન્ડ 21 જૂન, 2021 થી શરૂ કરવામાં આવ્યો છે. આ દિવસથી, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ કોવિડ રસી દેશના લોકો માટે સંપૂર્ણપણે મફત આપવાની જાહેરાત કરી હતી. વડા પ્રધાન શ્રી ની પહેલ પર જ 'બધા માટે રસી, મફત રસી' અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું, જેના કારણે દેશમાં રસીકરણની ગતિ વધી છે.

શ્રી મનસુખ માંડવિયાજીએ વધુમા જણાવ્યું કે જ્યારે ભારતમાં કોવિડ રોગચાળાની પ્રથમ લહેર આવી ત્યારે તે સમયથી આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સાહેબે રસી બનાવવાની પહેલ શરૂ કરી. તેમના આહવન પર ભારત કોવિસિનના સ્વરૂપે સ્વદેશી કોવિડ રસી વિકસાવવામાં સફળ થયું. વડાપ્રધાશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે જાતે રસી બનાવતી કંપનીઓની મુલાકાત લીધી અને તમામ હિતધારકો સાથે વાતચીત કરીને એ સુનિશ્ચિત કર્યું કે દેશમાં માત્ર રસી યોગ્ય રીતે ઉત્પન્ન થતી નથી પણ સારી રીતે વિતરિત થાય છે અને લોકોને યોગ્ય રીતે ડોઝ પણ મળે છે. તેમણે કહ્યું કે એપ્રિલ 2020 માં જ વૈજ્ઞાનિકોએ રસી પર કામ શરૂ કર્યું. સરકારે રસી ઉત્પાદકોને મદદ કરી. તેમણે કહ્યું કે વિશ્વની રસી મોંઘી છે, આપણી સસ્તી છે.

શ્રી મનસુખ માંડવિયાજીએ માહિતી આપી કે રસીકરણ અભિયાનને ઝડપી બનાવવા માટે વધુને વધુ રસીઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે અને દેશમાં રસીનું ઉત્પાદન વધારવાના પ્રયાસો પણ કરવામાં આવી રહ્યા છે. દેશમાં રસીનું ઉત્પાદન વધારવા માટે મોદી સરકાર સંબંધિત કંપનીઓ સાથે સતત વાત કરી રહી છે અને તેમને દરેક સંભવિત રીતે મદદ કરી રહી છે.

શ્રી મનસુખ માંડવિયાજીએ એ પણ જણાવ્યુ કે કયા દિવસે, કયા રાજ્યમાં કેટલા રસી ડોઝ પુરા પાડવામાં આવશે, તેની માહિતી રાજ્યોને અગાઉથી આપવામાં આવે છે. આ એટલા માટે કરવામાં આવે છે કે તેઓ જિલ્લા કક્ષાએ તેમની વ્યૂહરચના બનાવી શકે અને વધુ સારા આયોજન સાથે રસીકરણ કરાવી શકે. 18 ઓગસ્ટ સુધી સ્થિતિ એ હતી કે 94 લાખ રસી ડોઝ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો પાસે ઉપલબ્ધ હતા.

કેન્દ્રના મંત્રીશ્રીએ રાજકોટથી જન આશિર્વાદથી યાત્રા આગળ ખોડલધામ ખાતે સંબોધન કર્યું હતું ખોડલધામ ખાતે જણાવ્યું કે ભારતીય જનતા પાર્ટી આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વમાં કેન્દ્રની સરકાર ગત સાત વર્ષથી સરકારના માધ્યમથી જનતાની સેવા કરી રહ્યો છે. દેશની

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


જનતાએ આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વમાં બીજી વખત સપષ્ટ બહુમત સાથે જનતાએ આશિર્વાદ આપ્યા છે. આપણો દેશ સૌનો સાથ સૌના વિકાસથી પ્રગતીના પંથે જઇ રહ્યો છે. વિકાસના માધ્યમથી દેશ આગળ વધી રહ્યો છે. નવા ભારતનું નિર્માણ થઇ રહ્યું છે. દરેક સમાજના વર્ગને સરકારમાં વડાપ્રધાનશ્રીએ સ્થાન આપ્યું છે જેથી દરેક વર્ગને પોતાનું પ્રતિનિધત્વ આપી અને પ્રગતીનો અવસર આપ્યો અને એટલેજ સરકારમાં 43 નવા મંત્રીશ્રીઓને સ્થાન આપ્યું . જેમાં ગુજરાતમાં 3 નવા મંત્રીશ્રોને સ્થાન છે.

કેન્દ્રીય મંત્રીશ્રી મનસુખભાઈ માંડવીયાજીએ વધુમાં જણાવ્યું કે આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વમાં અને ભારતીય જનતા પાર્ટીની અંદર કોઇ મોટુ નહી કોઇ નાનું નથી. નાના સમાજના લોકોને પણ પ્રતિનિધિત્વ મળ્યું છે. 27 ઓબીસીના સાંસદનો મંત્રીમંડળમાં કામ કરવાનો અવસર આપ્યો, 11 મહિલાઓ મંત્રીમંડળમાં સામેલ છે. યુવાઓને પ્રધાન્ય આપી સરકારે 14 યુવાનોને મંત્રીમંડળમાં સામેલ કર્યા. દેશ વિકાસની દિશામાં આગળ વધી રહ્યો છે ત્યારે સૌને સાથે રાખવાનો પ્રયાસ આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ કરી રહ્યા છે ત્યારે જનતાનો આશિર્વાદ સરકાર સાથે રહેવો અંત્યત જરૂરી છે. જનતાના આશિર્વાદ સાથે જનતાની શુભેચ્છા સાથે, જન જનની આકાંક્ષાઓ સાથે આપણે નવા ભારતનું નિર્માણ કરવું છે. આપણે સાથે મળીને કોરોનાને હરાવવાનો છે. રાજકોટની જનતાએ સોશિયલ ડિસ્ટન્સના પાલન સાથે જન આશિર્વાદ યાત્રાને શુભેચ્છા પાઠવી તે બદલ તેમનો આભાર વ્યકત કર્યો. સાથે ભારતીય જનતા પાર્ટીના દરેક કાર્યકરોને સુચારુ રૂપે આયોજન કરવા બદલ આભાર વ્યકત કર્યો.

આ કાર્યક્રમમાં મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, મંત્રીશ્રી જયેશભાઈ રાદડીયા, પ્રદેશ યુવા મોરચાના પ્રમુખશ્રી પ્રશાંતભાઈ કોરાટ, રાજ્યસભાના સાંસદશ્રી રામભાઈ મોકરીયા, ધારાસભ્યશ્રી જીતુભાઈ વાઘાણી, સાંસદશ્રી રમેશભાઈ ધડુક, શ્રી દિલીપભાઈ સંઘાણી, શ્રી લાખાભાઈ સાગઠીયા, યાત્રાના ઇન્ચાર્જશ્રી મહેન્દ્રસિંહ સરવૈયા, પ્રદેશ મંત્રીશ્રી મહેશભાઇ કસવાલા, ખોડલધામ ટ્રસ્ટીશ્રી નરેશભાઈ પટેલ, બક્ષીપંચ મોરચાના પ્રદેશ પ્રમુખશ્રી ઉદયભાઈ કાનગડ, જીલ્લા પ્રમુખ સહિતના આગેવાનો, પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ યજ્ઞેશ દવે
(પ્રદેશ મીડિયા કન્વીનર)